# એમ. એડ્. અભ્યાસક્રમના જોડાણની શરતો

૧. **N.C.T.E.**ના નિયમાનુસાર ૨૫ની પ્રવેશ ક્ષમતા સામે ૧ પ્રોફેસર, ૧ રીડર અને ૩ વ્યાખ્યાતાની જગ્યાઓ પ્રવેશ પહેલાં ભરવાની રહેશે. અન્ય બિન– શિક્ષક વર્ગની જરૂરી જગ્યાઓ ભરવી. લાઈબ્રેરીયનની જગ્યા પણ અલગથી ભરવાની રહેશે.

૨. **N.C.T.E.**ના ધારા– ધોરણ મુજબનું અલાયદું મકાન તથા હોસ્ટેલની અલગ વ્યવસ્થા, સંસ્થાની પોતાની માલિકીની જમીનમાં હોવી જોઈએ, સંસ્થા પાસે પોતાનું મકાન ન હોય તો રૂા. ૧૨ લાખની ડિપોઝીટ યુનિવર્સિટીમાં મૂકવાની રહેશે. જો ભાડાનું મકાન હોય તે અંગેના ભાડા કરાર રજૂ કરવાના રહેશે.

૩. અભ્યાસક્રમને અનુરૂપ તમામ ભૌતિક સુવિધાઓ જેવી કે, કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફેકસ, ઈ–મેઈલ, ઈન્ટરનેટ અને આ સંદર્ભીત અન્ય સુવિધાઓ, જરૂરી ફર્નીચર સુસજજ પ્રયોગશાળા સુવિધા સાથેનું ગ્રંથાલય, ગર્લ્સ રૂમ, સ્ટાફ રૂમ, સેનેટરીની વ્યવસ્થા હોવી જોઈએ.

૪. ગ્રંથાલયમાં અભ્યાસક્રમને સુસંગત ૩ હજાર પુસ્તકો, જરૂરી સંખ્યામાં સામાયિકો, જર્નલ્સ હોવા જરૂરી છે. રૂા. ૧૦ હજારના પુસ્તકો આવર્તક ખર્ચ તરીકે દર વર્ષે વસાવવાના રહેશે.

૫. રૂા. ૬ લાખની ડિપોઝીટ તથા કર્મચારીઓના પગાર સિકયોરીટી માટે રૂા. ૨ લાખની ડિપોઝીટ ૬ વર્ષ માટે કુલસચિવ અને સંસ્થાના પ્રમુખ / મંત્રીના સંયુકત નામે મૂકવાની રહેશે. જેને સમયાંતરે રીન્યુ કરાવવાની રહેશે.

૬. સંસ્થાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫ લાખની રોકડ બેંક બેલેન્સ, રૂા. ૨૫ લાખની સ્થાયી અસ્કાયમતો તથા રૂા. ૫ લાખનું વર્કિંગ ફંડ મંડળના નામે હોવાના આધારો રજૂ કરવાના રહેશે.

૭. કાયદાકીય ફી પ્રતિ વર્ષ રૂા. ૨ હજાર તથા વિદ્યાર્થીદીઠ વિકાસ ફાળો રૂા. ૫૦૦/– પ્રતિ વર્ષ યુનિવર્સિટીમાં જમા કરાવવાના રહેશે.

૮. યુનિવર્સિટી ધ્વારા કેન્દ્રીય રીતે વિદ્યાર્થી પ્રવેશ આપવામાં આવશે. નિયમોને આધીન જ ફી લેવાની રહેશે. અન્ય નકકી કર્યા સિવાયના કોઇ પણ સદર હેઠળ બિનઅધિકૃત રીતે ફી લઇ શકાશે નહીં.

૯. તમામ કર્મચારીઓ માટે નિવૃત્તીના લાભો, પ્રોવિડંડ ફંડની જોગવાઇ કરવામાં આવે તથા પગાર બેંક મારફતે જ ચૂકવવામાં આવે.

૧૦. રાજય સરકારના તથા યુનિવર્સિટીના અન્ય તમામ નિયમો, શરતો બંધનકર્તા રહેશે. તેની બાંહેધરી આપવાની રહેશે.

૧૧. શરતોના પરીપાલનની ખાતરી ભૌતિક ચકાસણી કર્યા બાદ વિદ્યાર્થી સંખ્યા ફાળવવામાં આવશે.